ક્રમાંક / મા.શિ-૬/રજાપ/૭૬૬૦૭-૭૯૦૦૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૪-૧૧-૨૦૧૮

નકલ રવાના જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

→ પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ,
મા. અને ઉ.મા. શાળાઓ તમામ
બ.કાં. જિલ્લો.

અગત્યનું

ક્રમાંક:મઉમશબ/૨૦૧૮/ ૯૦૯૫૬૪૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 22/11/2018

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય :- ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ – ૪૨ અને ૪૩ માં સુધારો થતા કાયદાના સુધારાનો અમલ કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગના પત્રક્રમાંક:મંશબ/૧૨૧૮/૯૮૫/છ તા.૨૦/૧૧/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે પરત્વે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ – ૪૨ અને ૪૩માં ગુજરાત વિધાનસભાએ સુધારો મંજૂર કરતા અને માન.રાજ્યપાલશ્રીની મંજૂરી મળતા ઉક્ત કલમોના સુધારા તા.૦૧/૧૧/૨૦૧૮ થી અમલમાં આવેલ છે. આ સુધારાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ કલમ | અગાઉની જોગવાઈ | સુધારા બાદની જોગવાઈ |
|---|---|---|
| ૧. કલમ ૪૨ કેટલીક કલમોના ભંગ અંગે શિક્ષાની જોગવાઈ | કોઈ પણ વ્યક્તિ કે જે કલમ-૩૧ ની પેટા કલમ (૧) નો ભંગ કરે અથવા ટ્રીબ્યુનલ દ્વારા કલમ-૩૯ ના પેટા કલમ (૯) અન્વયે આપવામાં આવેલ કોઈ હુકમનું પાલન કરવામાં નિષ્ફળ જાય, તેમાં દોષિત થયેથી, રૂપિયા એક સો થી ઓછી નહી અને રૂપિયા એક હજાર સુધી વધારી શકાય તેટલો દંડ કરવાનો રહેશે. | "કોઈ પણ વ્યક્તિ કે જે કલમ-૩૧ ની પેટા કલમ-(૧) નો ભંગ કરે, તેમાં દોષિત થયેથી, રૂપિયા એક લાખથી ઓછી નહી અને રૂપિયા બે લાખ સુધી વધારી શકાય તેટલો દંડ કરી શકશે." તે પ્રમાણેની જોગવાઈ કરવામાં આવી છે. |
| ૨. કલમ ૪૩(૪) કેટલાક (ખાનગી) દસ્તાવેજો (ગોપનીયતા) ભંગ અંગે શિક્ષાની જોગવાઈ | આ કલમ નીચે બનતા ગુના સંબંધે ગુનેગાર જાહેર થતી વ્યક્તિ, દોષિત થયેથી, બે વર્ષ સુધી લંબાવી શકાય તેટલી કેદની સજા અથવા રૂપિયા બસો સુધી વધારી શકાય તેટલો દંડ અથવા બંને સાથેની સજા થઈ શકશે. | "આ કલમ નીચે બનતા ગુના સંબંધે ગુનેગાર જાહેર થતી વ્યક્તિ, દોષિત થયેથી, ત્રણ વર્ષથી ઓછી નહી પણ પાંચ વર્ષ સુધી લંબાવી શકાય તેટલી કેદની સજા અથવા રૂપિયા બે લાખ સુધી લઇ શકાય તેટલો દંડ અથવા બંને સાથેની સજા થઇ શકશે." એ પ્રમાણેની જોગવાઈ કરવામાં આવી છે. |

* કલમ – ૪૨ માં સુધારો :- ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ – ૩૧ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા મેળવવા માગતી શાળાઓએ બોર્ડની માન્યતા સિવાય શિક્ષણની કાર્યવાહી ન કરી શકે એટલે કે અમાન્ય શાળા દ્વારા શિક્ષણ આપવાની કાર્યવાહી ન થઈ શકે. માન્યતા વગરની શાળા આવી કામગીરી કરે તો તેવી શાળા/વ્યક્તિ સામે કલમ-૪૨ માં થયેલા સુધારા અનુસાર રૂપિયા એક લાખથી રૂપિયા બે લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

* કલમ – ૪૩ :- ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ – ૪૩ માં બોર્ડ દ્વારા સંચાલિત પરીક્ષા સંબંધિત પ્રશ્નપત્ર, ઉત્તરવહી, ગુણપત્રક અથવા બીજા કોઈ નિયત દસ્તાવેજોમાં જણાવેલ વિગતો પ્રગટ કરવા માટેની શિક્ષા દર્શાવેલ છે. અગાઉ કલમ-૪૩ ના ગુના હેઠળ દોષિત વ્યક્તિ દોષિત ઠરેથી બે વર્ષની મુદ્દત સુધીની કેદની અથવા રૂપિયા બસો દંડની અથવા તે બંને શિક્ષા થશે તેવી જોગવાઈ હતી. તે જોગવાઈમાં કાયદાના ઉપરોક્ત સુધારાથી દોષિત વ્યક્તિને દોષિત ઠરેથી ઓછામાં ત્રણ વર્ષ સુધીની કેદની અથવા રૂપિયા બે લાખ સુધીના દંડની અથવા તે બંને શિક્ષા થશે તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ, અમાન્ય શાળા દ્વારા શિક્ષણ આપવાના કેસમાં તથા પ્રશ્નપત્રના, ઉત્તરવહી તેમજ પરીક્ષાને લગતા અન્ય દસ્તાવેજોમાં જણાવેલી વિગતો સાથે ચેડા કરનાર, ગેરરીતિઓ કરનાર વ્યક્તિઓ સામે શિક્ષાની સખત જોગવાઈઓ કરવામાં આવેલ છે. આ બાબત આપના નિયંત્રણ હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધ્યાને લાવવા જણાવવામાં આવે છે. તમામ આચાર્યશ્રીઓને આ બાબતથી અવગત કરાવવા અને ધોરણ-૧૦ – ૧૨ ની પરીક્ષાના પરીક્ષાર્થીઓને ધ્યાને લાવવા જરૂરી સૂચના પાઠવવા જણાવવામાં આવે છે.

સપ્ટેમ્બર – ૨૦૧૮ ના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના 'શિક્ષણ અને પરિક્ષણ' અંકમાં આ બાબતે પણ જાણ કરવામાં આવેલ છે. જેની નોંધ લેવા વિનંતી છે.

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર તથા નોટિફિકેશન

(એ. જે. શાહ)
અધ્યક્ષ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ રવાના :-

૧) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, વડોદરા.
૨) પરીક્ષા સચિવશ્રી (સામાન્ય પ્રવાહ – વિજ્ઞાન પ્રવાહ),
ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

તાત્કાલિક

પત્ર ક્રમાંક: મશબ/૧૨૧૮/૯૮૫/છ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૧૧/૨૦૧૮

પ્રતિ,

શ્રી એ.જે.શાહ IAS,

અધ્યક્ષશ્રી,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેકટર-૧૦/બી, ગાંધીનગર.

વિષય :ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ -૪૨માં સુધારા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે આપની કચેરીની તા.૨૫/૦૬/૨૦૧૮ની સીંગલ ફાઇલ પરની નોંધ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૪૨ અને કલમ-૪૩(૪) માં કરવામાં આવેલ સુધારા બીલને મહામહિમ રાજ્યપાલશ્રીની મંજુરી મળેલ હતી. સદર અધિનિયમના સુધારાને રાજ્ય સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ આપવામાં આવેલ છે. તેમજ સદરહું સુધારા બીલને તારીખ - ૧ નવેમ્બર, ૨૦૧૮ ના રોજથી અમલી બનાવવા અંગેના નોટીફીકેશનની રાજ્ય સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ આપવામાં આવેલ છે. જેની નકલો જરૂરી કાર્યવાહી સારુ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. આ બાબતે બહોળી પ્રસિધ્ધિ આપવા પણ વિનંતી છે.

o/o બિડાણ: ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(અજય ભટ્ટ )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

- નામ.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧ સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી (પ્રાથમિક શિક્ષણ), ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ખાતાના વડાશ્રીઓ (સર્વે).
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (સર્વે), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફત.
- વિભાગની સર્વે શાખાઓ.
- સિલેક્ટ ફાઇલ.

Extra No. 16

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LIX ] MONDAY, OCTOBER 8, 2018/ASVINA 16, 1940

**Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.**

### PART IV

**Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.**

The following Act of the Gujarat Legislature, having been assented to by the Governor on the 5th October, 2018 is hereby published for general information.

**K. M. LALA,**
Secretary to the Government of Gujarat,
Legislative and Parliamentary Affairs Department.

### GUJARAT ACT NO. 15 OF 2018.

(First published, after having received the assent of the Governor, in the *"Gujarat Government Gazette"*, on the 8th October, 2018).

### AN ACT

further to amend the Gujarat Secondary and Higher Secondary Education Act,1972.

It is hereby enacted in the Sixty-ninth year of the Republic of India as follows:-

**Short title and commencement.**

1. (1) This Act may be called the Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2018.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 42 of Guj.18 of 1973.** 2. In the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972, (hereinafter referred to as the"principal Act"), in section 42,- Guj.18 of 1973.

(i) the words, brackets and figures "or fails to comply with any direction issued by the Tribunal under sub-section (9) of section 39," shall be deleted;

(ii) for the words "one hundred" and "one thousand", the words "one lakh" and "two lakhs" shall be substituted, respectively.

**Amendment of section 43 of Guj.18 of 1973.** 3. In the principal Act, in section 43, in sub-section (4), for the words "which may extends to two years or with fine which may extend to two hundred rupees", the words "which shall not be less than three years but which may extend to five years or with fine which may extend to rupees two lakhs" shall be substituted.

------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Extra No. 384

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX ] TUESDAY, OCTOBER 30, 2018/KARTIKA 8, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

### EDUCATION DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 30th October, 2018

**Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2018.**

**No.GH/SH/28/MSB/1218/985/CHH** :- In exercise of the powers conferred by sub-section (2) of section 1 of the Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2018 **(Guj. 15 of 2018), the Government of Gujarat** hereby appoints 1st November, 2018 as the date on which the said Act shall come into force.

By order and in the name of the Governor of Gujarat,

**AJAY BHATT,**
Deputy Secretary to Government.

------------------



Government Central Press, Gandhinagar.